| |
|---|
| ખુબ અગત્યનું/<br>સમય મર્યાદા<br>મતદાર યાદી |


**મતદાર નોંધણી અધિકારી**
૧૬૮–ચોર્યાસી વિધાનસભા મતદાર વિભાગ અને
**નાયબ જિલ્લા વિકાસ અધિકારી (મહેસૂલ) સુરત**
ઠે. જિલ્લા પંચાયત કચેરી,દરિયામહલ, સુરત–૩૯૫૦૦૧
ઈ–મેઈલઃ- ro168chorasi@gmail.com
ફોન નંબર : ૦૨૬૧–૨૬૬૫૮૦૦


Election Commission Of India

નં.મતય/૧૬૮-ચોર્યાસી/ELC/વશી /૨૦૧૯ તા. ૧૦/૧૨/૨૦૧૯

પ્રતિ,

નોડલ ઓફીસરશ્રી (સ્વીપ) સુરત જિલ્લો

અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત

**વિષયઃ-** દરેક માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળા/કોલેજોમાં મતદાર સાક્ષરતા કલબ (ELC)ની સ્થાપના કરવા બાબત.

**સંદર્ભઃ-** (૧) માન. મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીના પત્ર ક્રમાંકઃELC-102018-4007-CHH(SVEEP), તા.૨૨-૧૧-૨૦૧૯

(૨) મે. જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને કલેકટરશ્રી, સુરતની કચેરીના પત્ર ક્રમાંકઃનં.ચટણ-૨/કોલેજ/માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળા/ELC/ સ્થાપના/૨૦૧૯, તા.30-૧૧-૨૦૧૯

જય ભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સંદર્ભ (૧)માં જણાવેલ માન. મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીના તા.૨૨-૧૧-૨૦૧૯ના પત્રથી દરેક માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળા તથા કોલેજોમાં મતદાર સાક્ષરતા કલબ (ELC)ની સ્થાપના કરવા સુચના આપેલ છે. તથા ભારતના ચૂંટણીપંચ દ્વારા પણ દરેક શૈક્ષણિક સંસ્થાઓમાં ભાવિ મતદાર અને યુવા મતદાર માટે મતદાર સાક્ષરતા કલબ (ELC)ની રચના કરી મતદાર જાગૃતિ અંગે અસરકારક કામગીરી કરવા અંગેની સુચનાઓ આપવામાં આવેલ છે. આપની નિમણૂંક માન. જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને કલેકટર સાહેબ સુરત ધ્વારા સુરત જિલ્લા માટે નોડલ ઓફિસર સ્વીપ તરીકે કરવામા; આવેલ હોય આપ ઉકત કાર્યક્રમ બાબતે આપ્ સારી રીતે અવગત હશો. જેથી ૨૫-નવસારી લોકસભા મતદાર વિભાગમાં સમાવિષ્ટ અત્રેની ૧૬૮-ચોર્યાસી વિધાનસભામાં આવેલ દરેક માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળા તથા કોલેજોમાં મતદાર સાક્ષરતા કલબ (ELC)ની સ્થાપના કરવાની થાય છે.

ઉપરોક્ત વિગતે માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ભાવિ મતદાર સાક્ષરતા કલબ(ELC)ની રચના કરવી. આ મતદાર સાક્ષરતા કલબ(ELC)માં નોડલ ઓફીસર અને મેન્ટર તરીકે ચૂંટણી પ્રક્રિયાને સારી રીતે જાણકાર અને અનુભવી હોય તેવા બે શિક્ષકની નિમણૂંક તથા સભ્ય તરીકે ધોરણ ૯ થી ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓની નિમણૂંક કરવાની રહેશે તથા ભારતના ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવતી વખતોવખતની સૂચના અનુસારની કામગીરી કરવાની રહેશે જેથી અત્રેની વિધાનસભામાં આવેલ દરેક શાળાઓમાં યુવા મતદાર સાક્ષરતા કલબ(ELC)ની સ્થાપના કરાવી નિયત નમુનાના પત્રકમાં માહિતી ઉકત જણાવેલ સમયમર્યાદામાં પુરી પાડવા સંબંધીતોને જરૂરી સૂચના અપાઈ જવા સારૂ.

જા.નં./મા-૨/
તા. /૧૨/૨૦૧૯

મતદાર નોંધણી અધિકારી
૧૬૮- ચોર્યાસી વિધાનસભા મતદાર વિભાગ અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી (મહેસૂલ),સુરતવતી

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત શહેર/જિલ્લાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તરફ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત જિલ્લો સુરત.

Scanned by CamScanner